તહેવારના સમયે સિંગતેલનો ડબ્બે ભાવ ૨૮૦૦એ પહોંચ્યો

સિંગતેલ, કપાસિયાના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો

કોરોનાના બે વર્ષ બાદ આ વર્ષે ઉત્સવ ઉજવણીનો લ્હાવો મળ્યો છે, ત્યાં મોંઘવારીએ માઝા મૂકી, ખરા તહેવાર સમયે જ જીવન જરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ વધ્યા છે

રાજકોટ,તા.૯

કોરોનાના બે વર્ષ બાદ માંડ લોકોને આ વર્ષે ઉત્સવ ઉજવણીનો લ્હાવો મળ્યો છે, ત્યાં મોંઘવારીએ માઝા મૂકી છે. ખરા તહેવાર સમયે જ જીવન જરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ વધ્યા છે. ત્યારે દર અઠવાડિયે ખાદ્યતેલમાં થઈ રહેલો ભાવ વધારો લોકોનું ટેન્શન વધારી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી દર સપ્તાહમાં ખાદ્યા તેલના ભાવમાં તોતિંગ વધારો થઈ રહ્યો છે. જેને કારણે ઘરનું બજેટ ખોરવાયું છે. આજે ફરીથી પામોલિન તેલ, સિંગતેલ અને કપાસિયા તેલના ભાવ વધ્યા છે. રાજકોટના તેલ બજારમાંથી આવેલા આજના ભાવ પર નજર કરીએ તો, પામતેલમાં ડબ્બામાં એક દિવસમાં ૯૦ રૂપિયાનો વધારો થયો છે. તો સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો છે. પામતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૧૯૯૦ થી વધીને ૨૦૮૦ રૂપિયા પર પહોંચ્યો છે. તો સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૮૦૦ રૂપિયા પાર પહોંચ્યો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૫૧૦ રૂપિયા થયો છે. તહેવાર નજીક આવતા ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલના ભાવમાં વધારો આવશે તો એની અસર કપાસિયા અને સાઈડ તેલમાં પણ જોવા મળશે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે.

મહત્વનું છે કે, ખાદ્યતેલ મોંઘા થવા સાથે બજારૂ ફરસાણ, ખાદ્યચીજોમાં ભેળસેળ કે વાસી દાઝ્યુ તેલ વાપરવાનું જોખમ પણ વધ્યું છે. ખાદ્યતેલોમાં ભાવવધારાના કારણે ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. તહેવારોની મોસમ આવી રહી છે. આવામાં ખાદ્ય તેલોના ભાવ સતત વધી રહ્યાં છે. જે મધ્યમવર્ગીય અને ગરીબ લોકોને પોસાય તેમ નથી. ત્યારે તહેવારોને ધ્યાનમાં રાખીને સરકાર રાજ્યના ૭૧ લાખ રાશન કાર્ડ ધારકોને રાહત આપી છે. રાજ્યના ૭૧ લાખ રાશન કાર્ડ ધારકોને ૧૦૦ રૂપિયા લિટરના ભાવે સિંગતેલ આપવામાં આવશે.

મુખ્યમંત્રીના હસ્તે AMCના ૧૮૭ કરોડના વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ

કાંકરિયામાં પુનઃ અટલ એક્સપ્રેસ દોડતી થઇ, ખોખરા બ્રિજનું ઓપનિંગ કરાયું

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં આજે ઝસ

ભૂપેન્દ્ર પટેલના હસ્તે છસ્ઝના રૂ.૧૮૭ કરોડના વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ કરાયું. જેમાં ખોખરા બ્રિજનું ઝસ ભુપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન તેમજ પરિમલ ગાર્ડન, કાંકરિયા અટલ એક્સપ્રેસ, ખોખરા બ્રિજનું લોકાર્પણનો સમાવેશ થાય છે. બાપુનગર ચંદ્ર પ્રસાદ દેસાઈ હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું.લોકાર્પણ પ્રસંગમાં લોકો તિરંગો લઈને આવ્યા હતા. તેમજ ખોખરા બ્રિજમાં પણ ત્રિ કલરનું અદભૂત લાઈટિંગ કરવામાં આવ્યું હતું.

ફોટો જોઈને લાગતું હશે આ વિદેશી ગાર્ડનનું દ્રશ્ય હશે. પરંતુ ના. આ નયનરમ્ય દ્રશ્ય આપણાં જ ઘર આંગણાનું છે. આ દ્રશ્ય છે ભારતના સૌથી જૂના જાહેર બગીચામાના એક એટલેકે અમદાવાદ સ્થિત પરિમલ ગાર્ડનનું છે. પરિમલ ગાર્ડનનું આ નવું સ્વરૂપ જોઈને આપ આશ્ચર્યચકિત થઈ જશો. પરંતુ હકીકત એ છે કે, વૈજ્ઞાનિક ઢબે અને સૌંદર્યલક્ષી દ્રષ્ટિ સાથે ખાનગી ભાગીદારીથી પરિમલ ગાર્ડનને નવપલ્લવિત કરવામાં આવ્યો છે. સરકારી અને ખાનગી ભાગીદારી દ્વારા રિસ્ટોર કરાયેલા આ સુંદરતમ, નયનરમ્ય, લેન્ડસ્કેપ ગાર્ડનને, અનેક મોર્ડન સુવિધાઓ સાથે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા નાગરિકોને સમર્પિત કરવામાં આવ્યો હતો.

સિરામિક બ્રાન્ડ ક્યુટોનના ૨૫થી વધુ સ્થળો ઉપર આઈટીના દરોડા

અમદાવાદ, મોરબી, વડોદરામાં કંપનીની મુખ્ય કચેરીઓ અને રહેઠાણોના વિવિધ સ્થળોએ અધિકારીઓ તૈનાત

રાજકોટમાં આઈટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આઈટી વિભાગે ગુજરાતમાં લોકપ્રિય સિરામિક બ્રાન્ડ ક્યુટોનના ૨૫થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા છે. રાજકોટ ઈકમટેક્સ વિભાગની આગેવાની હેઠળ મંગળવારે સવારે સર્ચ ઓપરેશન અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ, મોરબી અને વડોદરામાં કંપનીની મુખ્ય કચેરીઓ અને રહેઠાણોના વિવિધ સ્થળોએ ૨૦૦થી વધુ આઈટી અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. આઈટી વિભાગે આજે વહેલી સવારથી એકસાથે અલગ-અલગ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. જેમાં શહેરના ઢુવા અને વઘાસિયા પાસે આવેલ ક્યુટોન સિરામિકના કારખાનામાં દરોડા પાડવામાં આવ્યા છે. અગ્રવાલ ગ્રુપની અમદાવાદની ઓફિસે રેડ પાડ્યા બાદ મોરબીમાં આઈટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મનોજ અગ્રવાલ, મેનેજિંગ ડિરેક્ટર સુનીલ મંગલુનિયા અને રાજીવ અડલાખાના રહેણાક સ્થળોની તપાસ કરવામાં આવી છે. જોકે, આઈટીની આ રેડ દરમિયાન મોટા પ્રમાણમાં કરચોરી સામે આવે તેવી સંભાવના સેવાઈ રહી છે. ૨૦૦૮માં અમદાવાદ ખાતે શરૂ થયેલી ક્યુટોન કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર ફિલ્મ અભિનેતા અનિલ કપૂર છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૭૮ કેસ નોંધાયા

હાલ ૫,૭૨૯ એક્ટિવ કેસ : જેમાંથી ૧૫ દર્દી વેન્ટિલેટર ઉપર જ્યારે ૫,૭૧૪ દર્દી સ્ટેબલ છે

ગાંધીનગર, તા.૯

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૬૦૦ થી વધુ આવી રહ્યા છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૭૮ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૮૧૦ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે એક દર્દીનું મોત થયા છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૬૭ ટકા થઈ ગયો છે. રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૫,૭૨૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૫ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૫,૭૧૪ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૪૫,૮૯૦ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૮૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે બોટાદ, છોટા ઉદેપુર, ડાંગ, જૂનાગઢ અને મહિસાગર જિલ્લામાં આજે એક પણ કોરોના કેસ નોંધાયો નથી.

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટના વિદ્યાર્થીઓની ૨૫૧ તિરંગા સાથે યાત્રા

ગાંધીનગર, તા.૯

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના ૨૫૧ જેટલા વિદ્યાર્થીઓ તિરંગા સાથે યાત્રા કાઢી હતી. ભારત માતાકી જયનાં નારાઓથી વિદ્યાર્થીઓએ સમગ્ર વાતાવરણને દેશ ભક્તિમય કરી મૂક્યું હતું. તિરંગા યાત્રામાં ઘોડા અને ડોગ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કિરણસિંહ અને ટ્રસ્ટી પિનાકભાઈ અને રૂપસિંહદાદા પણ યાત્રામાં જોડાયા હતા. વિદ્યાર્થીઓને તિરંગાનું મહત્વ અને સન્માનની વાતો કરી વિદ્યાર્થીઓની દેશભકિતનો ઉત્સાહ વધાર્યો હતો.

સ્વામિનારાયણ ઈન્સ્ટિ. ખાતે હર ઘર તિરંગા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૯

શ્રી સ્વામિનારાયણ ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ભાટ, ગાંધીનગર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ ની ઉજવણી ના ભાગરૂપે હર ઘર તિરંગા કાર્યક્રમ હેઠળ આજરોજ વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સૌથી વધુ પ્રધ્યાપકો અને ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ તિરંગા અને દેશની આનબાન શાનના સ્વરૂપે રાષ્ટ્રને સમર્પિત એવા પોસ્ટરનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. વિશેષમાં દેશ દેશભક્તિ અને રાષ્ટ્રને સમર્પિત એવા યુવા ઇજનેરોએ દેશની ગરિમાને જાળવવાના શપથ લીધા હતા આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપલ ડો. એચ એચ વન્દ્રા, ડાયરેક્ટર ધર્મેશ વન્દ્રા તેમજ કોમ્પુટર વિભાગના વડા ડો. વિજય ગઢવી અને અન્ય વિભાગના વડા સામેલ રહ્યા હતા .

કુડાસણ ખાતે ટીબીના દર્દીઓને પૌષ્ટિક આહારની કીટનું વિતરણ

વડાપ્રધાન દ્વારા ૨૦૨૫ સુધીમાં ટીબી નાબૂદીનું અભિયાન કરવામાં આવ્યું છે જેના અનુસંધાને ટીબીના દર્દીઓને દવાની સાથે પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી સ્થાનિક કોર્પોરેટર દ્વારા કરિયાણાની કીટ આપવામાં આવી હતી. અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુડાસણ ખાતે ટીબીના જરૂરીયાત મંદ દર્દીને કુડાસણ વિસ્તારના કોર્પોરેટર અલ્પાબેન કૌશિકભાઈ પટેલ દ્વારા ૧૦ દર્દીઓને કરિયાણું આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સીટી ટીબી ઓફિસર ડો.હરેશ પટેલ અને આર.સી.એચ ઓ યુપીએસસી મેડિકલ ઓફિસર તથા ટીબીએચવી નીતિનભાઈ અને કુમારભાઈ દ્વારા તમામ દર્દીઓને કીટ વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ટીબીના દર્દીઓને ન્યુટ્રેશન કીટ આપવા બદલ સીટીટીબી ઓફિસર ડો.હરેશ પટેલ અને ટીબીના સ્ટાફે આભાર માન્યો હતો



હાલમાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન બધાજ શિવ મંદિરોમાં વિવિધ રૂપે દેવાધિદેવ મહાદેવજીને શણગારવામાં આવે છે.ગાંધીનગર પાસે આવેલ પવિત્ર સાબરમતી નદીના કાંઠે પેથાપુર ગામે આશરે હજાર વર્ષ જૂનું પૌરાણિક શ્રી સુખડનાથ મહાદેવ મંદિર આવેલું છે. આ વખતે સ્થાનિક યુવાનો દ્વારા ઉજ્જૈન મહાકાલેશ્વર મહાદેવ શિવલિંગની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરી હતી.જેના દર્શન માટે ગામના શિવભક્તો તેમજ બહાર ગામના ઘણા ભક્તો હજારોની સંખ્યામાં દર્શન કરવા ઉમટી પડ્યા હતા.

ચૌધરી મહિલા કોલેજ ખાતે ઈનોવેશન તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી ગુજરાત રાજ્ય તરફથી ઈનોવેશન ક્લબ અંતર્ગત ટ્રેનીંગનું આયોજન કરાયું હતું. પ્રિ.ડો.એમ.એમ.ચૌધરીએ વિદ્યાર્થીનીઓને ઈનોવેટીવ આઈડીયાની સમજ આપી હતી. ટ્રેનર મયુરીબેન વસાવાએ બેઝીક ઈલેક્ટ્રોનિક્સ, મીકેનિક્સ, ડ્રોન, એડવાન્સ ઈલેક્ટ્રોનિક્સ, ટેલીસ્કોપ, ગ્લોબલ, મેકાટ્રોનિક્સ, એડવાન્સ સાયન્સ, એગ્રીટેક, એનર્જી કન્સરવેશન આવી કીટસ અંગે ડેમોસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં કુલ ૫૦ વિદ્યાર્થીનીઓએ આ કીટસનું પ્રેકટીકલ જ્ઞાન મેળવ્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી તથા મહામંત્રી માધુભાઈ ચૌધરી, ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી તેમજ સમગ્ર ટ્રસ્ટીગણે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપી બિરદાવી હતી. ઈનોવેશન ક્લબના કો-ઓર્ડીનેટર ડો.મીના વ્યાસ તેમજ ડો.ઉર્મિલાબેન ચૌધરીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

અધ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તારાપુર વિસ્તારને સમાવતી ટી પી સ્કીમ નં -૯ ઉપરાંત વાવોલ વિસ્તારની ટી પી સ્કીમ નં -૧૩ થઈને કુલ ૧૩ બગીચા બનાવાની યોજનાને મંજુરી આપવામાં આવી હતી. જેની પાછળ અંદાજિત રૂ ૧૩,૫૦ કરોડનો ખર્ચ કરવાનુ આયોજન છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ન્યુ ગાંધીનગરના રહીશોને અનુલક્ષીને જાહેર સુવિધાના કામો આગામી દિવસોમા તેજ ગતિએ હાથ ધરવામાં આવશે. ગુડાની બોર્ડ બેઠકમાં અગાઉ સ્ટોર્મ વોટર લાઈન નાંખવામાં આવી છે તેવા રસ્તાઓને પહોળા કરવા તેમજ વરસાદી દિવસોમાં તુટી ગયેલા રસ્તાઓ પર પેચવર્ક કરવા માટે પણ નિર્ણય લેવાયો હતો. પરંતુ હાલમાં અનેક વિસ્તારમાં રસ્તાઓની હાલત ઉબડ ખાબડ છે. જયારે કેટલાક ઠેકાણે મોટામસ ગાબડાઓ અસ્તિત્વમાં આવ્યા છે જેના લીધે રહીશાને પારાવાર હાલાકી વેઠવી પડે છે. ગુડા વિસ્તારમાં વરસાદી દિવસોમાં માર્ગોની સ્થિતિ સુધારવા જરૂરી પેચવર્ક હાથ ધરવામાં આવે તેમજ ગાબડા પુરવા માટે પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

જોખમી બ્લોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જગ્યા ખુલ્લી થયાના અંતે પણ નવી આવાસ યોજના માટે સ્થળ પસંદગીમાં વિલંબ કરવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા આવાસોની ઘટને અનુલક્ષી સેકટરોમાં ૮૨૭ જેટલા મકાનો રીનોવેશન હેઠળ પણ લેવામાં આવ્યા છે. પરંતુ સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો તોડવાની કામગીરી દરમિયાન જે આવાસો રહેણાંક માટે યોગ્ય હોય છતા પણ નિકાલ હેઠળ આવરી લેવામાં આવે છે. અલબત્ત એક બ્લોકમાં માત્ર બે આવાસોની હાલત જર્જરિત હોય તેવા આખા બ્લોકનો જ નિકાલ કરી દેવામાં આવતો હોવાનો ગણગણાટ પણ વિભાગમાં થઇ રહ્યો છે. જયારે સેકટરમાં વસાહતીઓ પણ ઘણાં મકાનો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોવાછતા પણ તોડવામાં આવી રહ્યા હોવાનો રોષ વ્યકત કરી રહ્યા છે. શહેરમાં સરકારી આવાસોમાં અનઅધિકૃત વસવાટ હોવાની ફરિયાદો પણ વધુ છે. જયારે કર્મચારીઓને ફાળવવા માટે આવાસો નથી ત્યારે પ્રાથમિક તબક્કે જે બ્લોકમાં ભયજનકની સામે રહેણાંકને લાયક આવાસો વધુ હોય તેવા મકાનો તોડવાના બદલે કર્મચારીઓને ફાળવી દેવામાં આવે તો પણ મકાનની ઘટનો પ્રશ્ન આંશિક હલ થાય તેમ હોવાનો સુર પણ પ્રબળ બન્યો છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં એકબાજુ રહીશોની ફરિયાદોનુ પણ ત્વરિત નિરાકરણ આવતુ નથી જયારે નાની મોટી ફરિયાદો દુર કરવા માટે પણ રહીશોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં આવાસો તોડવાની કામગીરી પણ મંદ ગતિએ ચાલી રહી છે. તો સામે નવા આવાસોની સાઈટ પણ ઝડપથી પસંદ થતી નથી આવા સંજોગોમાં જોખમી મકાનોની સાથે રહેણાંક માટે સલામત હોય તેવા યુનિટ તોડવામાં ન આવે તે મામલે વિશેષ કાળજી કરવાની અનિવાર્યતા હોવાની લાગણી પણ પ્રબળ બની છે.

રિકવર થયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉવારસદ કોરોના માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહેલ છે. આ ઉપરાંત અડાલજ ગામેથી પણ એક કેસ મળેલ છે.

કલોલ તાલુકામાં ભોંયણ મોટી અને રાંચરડા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે માણસા શહેરમાંથી એક ઉપરાંત ઈટાદરા, વરસોડા અને વ્યાસપાલડી ગામેથી કેસો મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે ગ્રામ્ય વિસ્તારમાં એકટીવ કેસની સંખ્યા ૧૭૦ જેટલી છે જે હાલ સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૭૦૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૯ મહિલા દર્દી અને બે દર્દી ૬૦થી વધુ વય ધરાવે છે. ચોથી લ્હેરમાં મહિલા દર્દીઓની સંખ્યા અને વયસ્ક દર્દીઓની વધી રહેલી સંખ્યા એ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે સરગાસણમાં ૫ કેસ, સે. ૫ અને સે. ૨૦માં ૨-૨ કેસ તેમજ સે. ૧, ૮, ૨૧, ૨૪ અને રાંદેસણ, રાયસણ અને સુઘડ ગામેથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોરોનાના હળવા લક્ષણોને લઈ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરવા તાકીદ કરી છે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ તાકીદ કરી છે. શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે ૧૫૦થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

છીનવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાંણ્યા છે. ઘ-૫ પાસે પણ ઓપન એર થિયેટર બનાવામાં આવ્યુ છે. જેનો કોઇ ઉપયોગ જ નથી ઓપન એર થિયેટરના ડેડ પ્રોજેકટના લીધે છેલ્લા એક દાયકાથી ખુલ્લી જગ્યાનો ઉપયોગ પણ થઇ શકતો નથી. આવા સંજોગોમાં શહેરમાં એક પણ ઠેકાણે હવે ખુલ્લા મેદાનો જોવા મળતા નથી. આ સ્થિતિમાં અગાઉ ખુલ્લા મેદાનને અનુલક્ષી સ્થાનિકો માટે થતા અનેક આયોજનો સામે પણ સવાલો મંડરાયા છે. સેકટરના ખુલ્લા મેદાનમાં અગાઉ બાળનગરી, નવરાત્રી , કથા કે લોકડાયરા સહીતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં સરળતા રહેતી હતી જયારે આ મેદાનોમાં અગાઉ રાજકીય સભા સરઘસો સહીત અન્ય જાહેર કાર્યક્રમોના આયોજન માટે ઉપલબ્ધ થતી હતી પરંતુ હવે સ્માર્ટ બનતા ગાંધીનગરની અસલ ઓળખ ભુંસાઇ રહી છે નવા બિલ્ડીંગો ઉભા થઇ રહ્યા છે. શહેરમાં હાલની સ્થિતિએ એક પણ મેદાન હવે રહ્યુ નથી ગાંધીનગરનો ભૌગોલિક સિનારિયો આખો બદલાઇ ગયો છે. નગરને સ્માર્ટ બનાવાની દોડમાં આંખોને ઠંડક આપતી હરિયાળી સાથે નગરજનોને મોકળાશ આપતા મેદાનો પણ છીનવાઇ ગયા છે.

ભંગાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નીતિશને ટેકો આપવા મામલે આજે આરજેડી, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોની પણ બેઠક થઈ હતી. જેમાં સર્વસંમતિએ તેજસ્વી યાદવને આ અંગે કોઈપણ નિર્ણય લેવાની છૂટ આપવામાં આવી હતી. સૂત્રોનું માનીએ તો લાલુ પ્રસાદ યાદવ પણ આ સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે, પરંતુ તમામ નિર્ણય તેમજ ચર્ચા તેજસ્વી યાદવ દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન બિહારના સ્પીકર કોરોના પોઝિટિવ હોવાના અહેવાલ પણ આવ્યા હતા, પરંતુ તેમની તબિયત સારી હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજ્યમાં અચાનક આવેલા રાજકીય તોફાન વચ્ચે નીતિશ કુમારના નિવાસસ્થાન પર સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે.

ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુભાષે આ માહિતી ઓબ્ઝર્વેશન ઓફિસર અંકિતા દુબેને આપી હતી. પોલીસે આ મેસેજનો સ્ક્રીન શોટ ગુપ્તચર એજન્સીઓને પણ આપ્યો છે. આ અગાઉ પણ મુખ્યમંત્રીને આવા મેસેજ મોકલીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી ચૂકી છે.

શસ્ત્રો સાથે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમાંથી ગુરવિંદર સિંહ ઉર્ફે બાબા પર એનઆઈએના એક અધિકારીની હત્યા મામલે પણ આરોપી છે. આ સાથે ગુરવિંદર સિંહને શૌર્ય ચક્ર વિજેતા કોમરેડ બલવિંદર સિંહની હત્યામાં પણ ભાગેડુ ગણવામાં આવી રહ્યો છે.

એમ પણ બને

● અનુસંધાન ચોથાનું ચાલુ...

તો બીજી બાજુ આ બારણે તું ઊભી જ ઉભી રહે
કાયમ એવા કોડ.... કેટ કેટલા વિચારો...
છુપાયેલા અનેક શબ્દો મારા અધ ખુલ્લા હોઠો માં
કોને કહું? શું કહું? વાત કેમ કહેવી?
આંખો, ને હોઠો વચ્ચે અંતર વલોવાય છે,
સાંભળ !મારી લાડકી
આજ સાસરિયે તું ચાલી...
મારી બાળપણની સાથી
જો આ કલાઈ જેમાં તારી મમતાની
દોરી ઝૂલતી, આ હાથે તું નખ
પણ કેટલા મારતી...
રિમોટની ખેંચમ ખેંચ,
ને તારી ચોટલીની પણ
મેં જ ચીડવતાં તને કહયું હતું
તું તો પારકી....પણ આજે
ડૂમો ભરાય છે વ્હાલી.. .
તારા સપનાનો રાજ કુમાર આવશે.
તને લઈને જશે.... એ જ તો તારા
તારા સપના સાકાર કરશેપ..
બસ તું જા.... નવી સફરમાં ,
પ્રભુતામાં પગલાં માંડવા
મમ્મી પપ્પાની ચિંતા ના કરતી
આ જે ઉંબરા ઓળંગી પગ મૂકે
એવું કહેતી .. તું
કે હું જાઉં છું! તારું આંગણું છોડી,
એય, રડતો નહીં હોં...
હું પણ જો ક્યાં રોતડી છું?
હું કાંઈ થોડી અળગી થઇ જવાની છું ?
આ જો કેવી લાગુ છું ? હુબહુ રાજકુમારી જેવી
હે ને ભઈલા.... એય ચાલ!... જલ્દી
ઉભી થા જાન આવે એ પહેલાં
મારાં બાઈક પાછળ તને
બજારની શેર કરાવું, થોડી ડરાવું
ને થોડી તારી રકઝક સાંભળુ
ચાલ એક કાળું ટપકું લગાડું ?
બસ હવે તો એ આવશે, હમણાં આવશે જ
પણ હા હું ખુબજ ખુશ છું
કોઈ વ્યક્તિ તને પ્રેમ કરે છે.પ..
તારા જવાથી પાનખર જરૂર આવશે
પણ જીવન તારું વસંતની જેમ ખીલે છે .
મારે તને ભેટવું છે લાડલી,
થપ્પો દાવ રમી સંતાવું છે,
તારા ઉષ્મા ભર્યા હાથની ટપલી માણવી છે,
તારા બિલાડી જેવાં નખોરિયાં ખાવા છે...
બસ તને રાજકુમાર લેવાં એ પહેલાં
મારે આટલું જ જોઈએ છે.
બસ આજ તારી યાદો ફરી જોઈએ છે....
તને માંડવે મુકવા જઉ એ પહેલાં
મારે..... મારી નટખટ બહેન જોઈએ છે,
તારી રાખડી રૂપે રક્ષા કવચ હમેશા જોઈએ છે.